૩૫૮૬ ઈનસાફે

અકબરશાહ

ઉર્ફે

ચાપરાજ હાડાના

ગાયનો.

જેમાં

ચતરા * હમાન * તથા બકાવલીની

રાગનીઓ દાખલ કીધી છે.

છપાવી પ્રસીધ્ધ કરનાર

ધી ઇન્ડીયન ઓપેરા કુંપનીનો

માલેક.

મુંબઈ:

પારસી પ્રીંટીંગ પ્રેસ.

સન ૧૮૮૯

કીમત બે આના.

१

આસ અમારી કીધી પુરન આજેતુ—આસ૦
જેમ તેં અમ રાખી લાજ, પુર તેમ સૌનાં કાજ; સુમરન કરીયેં,
સી સરસ્વતી—હો આસ૦

૨

જગેન્દર દેવસેવ પુંજ કુંજ દનનન કાનાહી નટવર.
બ્રહ્મ વીશનું મહેષ તુંહી—જગેન્દર૦
કૃષ્ણ ધુંન કૃષ્ણ ધુંન નીસદીન તન મન, દેવા સેવા.
અમ નીત કરવાનાં; સુમરન હર ક્ષણ તારો અમ ગાઇયે,
શ્રી હરી માધવા સ્તુતીહા સ્તુતીહા સ્તુતીહા નીત કરીયે.
સ્તુતીહા; માથેછે મુગટ સરવન કુંડલ કર મુરલી ધર,
છો તમ જગ કરતા—જગેન્દર૦

૩

તમોને શંકર સહાએ કરો, ભવધી તારક વીશ્વ ઓધારક
દુઃખ હરી સુખ કરી સ્નેહ ભરી ને ખરી પરવરી નજરથી
પરીતાપ પરહરો—શંકર૦
સર્વથા સુખ આપશો ઇશ તે ખરે, કાપે પાપે આપે.
મુક્તીને ભુગતીને દુર કરીને સ્નેહથી વળી માનથી.
કલેશ તેસઉ કાપશે સરણ જેકોઇ આવશે શાંન્તી પ્રેમેં.
આપશે નીભાવશે તે એવા દેવાને સમરો—શંકર૦

૪

પ્રધાન મારા, સત્ય કહોને કહો કેમ બાંધ્યા ધર્મ ન્યાએ
ધારા—પ્રધાન૦
કેમ બાંધી વર્ણે પાર, શીરીતે રાખી સંભાળ;
સમજાવો સઉ સાર, આજ પાસ મારા—પ્રધાન૦

૫

ધન્ય ધન્ય હાડા કુળ પ્રમાંણ, પ્રભુએ નીપજાવ્યો નીરમાણ;
છોતું કુળમાં રત્નની ખાણ, પરંતુ જાંણ થયો તું અજાણ;
ઇશ્વરે નાખ્યુંછે જે દખાંણવીઆરી દઇને તેતું નવાંણ;

કાન્તા વીલાશી બહુ મમતાથી, મુખોપ ભોગી થયોછું;
મજા રક્ષ ધર્મ તું ભુલી ગયોછું—ધન્ય૦

૬

ઘમ ઘોર ઘેરાયો ઘન ભારી,
ઝર મર ઝર મર ઝડી વરસાવી—ઘમ૦
ચોગરદંમ આકાશ છવાયું, નીશા થઇ અંધકારી;
ઘડઘડાટ થી દાંનમી દમકે, ઇશ ગતી બલહારી—ઘમ૦

૭

જયાં પતી વૃતનું પાલન થાએ, ત્યાં નહીં ન્યુન કશાની;
ધન્ય ધન્ય હે હાડા રાંણી તુઝ વૃત ની આ નીશાની,
ઝડી આવી ભારી, કીધા જનને સુખ કારી.
આનંદ સઉ દાળી રહયાછે, પશુ પક્ષી નર નારી;
મેઘ રાજે મેહેર કરીને, કરીદીધી જળ ધારી;
ઝડી આવી ભારી, કીધાં જનને સુખકારી૦

૮

નીસ દીન તમ અમ કરીયેં સએર, દખીયે ભાળીયેં અચરત
અવાર ન્યારી ન્યારી; છે મથવી પર ચકતી સરી કરનાર નીં
ફુલવાડી—સએર૦
હાડાના બાગનીં નવી બહારનીં રમક ઝમક બેહદ જાણીં;
પણ આ સતીનાં બાગનાં ફુલની કડક ફડક અન્હદ જાંણીં.
અમરત ચકચક અચરત મનમાં.
હીમત ફુરસ્ત ચટજટ તનમાં—સએર૦

૯

મનોહર બાગ તણો આબહાર,
આનંદ આપે બાઇ ખચીત અવાર—બાગ૦
દુઃખ વીસરાવી સુખ ઉપજાવે.
શોભા શુભ અપરંમ પાર—બાગ૦
જાઇ જુઇ ચંપો ચમેલી,
મોગરો દાલર હાર સણગાર—બાગ૦

૧૦

આ બટ મોગરો ગુલાબ કેતકી જાઇ જુઇ સણગાર,
કરીદ એ સર્વે તૈયાર;
પુષ્પ સુગંદી સુગંધ લગાડી લાવ બાઇ આવાર
કરૂં સ્વામી કાજે હું હાર;
એ આધારને આધારે હું જીવું છું નીરધાર;
અચળ રહો એના મુઝપર પ્યાર;
થાએ વીયોગ કે અંગે ઉઠે અંગાર,
નહીં વીયોગ પતીના મુઝને જરા સુખકાર;
નહીંરે મુઝમનમાં ચેન વીયોગે લગાર,
આહા ખરે મુઝ પ્રાણાધાર તે છે સુરવીર સરદાર;
પ્રજાના છે તે રક્ષણહાર—બટ મોગરો૦

૧૧

ચેન ક્ષણું નહીં પતી વીયોગે ઘડી યુગ ભવ સમજાએ,
સૌ સુખને હું દુઃખ રૂપ માંનું એક પતીનાં વીનાએ;
ભોજન ભાવે નહીં સુખ સેનાથી આવે નહીં.

૧૨

છે સાચો જ્યાં પ્રેમ તમારો ત્યાં નહીં મુને નવાઇ,
તે પણ ઝુરે આપ વીયોગે તમ પ્રમાણે બાઇ;
એવી છેજ ગતી છે જગ તણી રીતી.

૧૩

આવો આવો આવોજી, તમ વીણ એક પલ યુગ જેવી વીતે;
કાંમને કાજ નવ સુઝે કાંઇ, મરણ વગર નવ દીસેરે આંઇઆવો૦
આજ થયો મુઝ આનંદ તન મન, નહીંતો જાએ તમ વીણ
મતી ખાઉં સમ;
આજ પ્યારથી દરસ દીધાંતે, અચરત થાએ તમ સમરણ
માંએ—આવો૦

૧૪

છેતું ગુણ રૂપે સુન્દરી, જાણે અપસરા ઇન્દરી;
સતી માં એક સતી તું ખરી, દીસે મુઝને પુનમી ચન્દરી-છેતું૦

છલ બલ હર ઘડી ઘડી કરી કરી;
હર હર નીત પલ પલ ભજી કરી;
ખરી ખરી તું મુઝને વશ કરી,
ઠરી ઠરી તું સુધ સતી ઠરી ઠરી—છેતું૦

૧૫

પતની હુંછું તારી, થયો આનંદ મુઝ પ્યારા સ્વાંમીં;
પ્રીત નીભે સુરજ ચંદ્ર સાખી, હુંછઊં તારી—પતની૦
થાએ જે કંઇ હાલ તમારા તેજ થાશે હાલજ મારા
ખરારે માને વચન પીયારા, છઊં તારી નારી;
તન મન ધનથી વારી જાઊં,
નીસદીન પલ પલ સુમરન ચાહું—હું છઊં તારી—પતની૦

૧૬

તુ સતી સારી સારી તન મન ધન સઉ તજી કરી,
સુંદરી સુંદરી શાને શાને તેં મારા પર તન મન તજી દીધું
—તુ સતી.

કંચન વચન મારા શુભ કરી સતી માંન,
પ્યારી માંન પ્યારી માંન પ્યારી માંન સુગુ સાગ;
શુભ દીન હરદીન સુખ દીન દુઃખ હીન,
સતી નારી દુઃખ હારી સુખ વારી સુભકારી:
ઓ પ્યારી પ્યારી તારી વાતતો મેં જાંણી,
મારી વાતતો મેં માની; પ્યારી પ્યારી પ્યારી—તું સતી૦

૧૭

આ સરદ રૂતુને બહાર સ્વામીં શું કહું તમને,
છે બહુ સ્વાંમી ના પ્યાર કહો શું ન્યુન મને—આ સરદ૦
ઇચ્છું સેવા મન થકી હું વણ મુલની છું દાસીરે,
આનંદ આપો પાસ રહી મુને વીયોગે ઊદાસી—સ્વામી૦
પુજન બાધાકે આરાધન પ્રભુના પ્રેમે થાએરે,
જો સ્વાંમી અત્ર કૃપા કરોતો સર્વે ફીકટ જાએ—સ્વાંમી૦
જે સ્વાંમી ન સેવે તેને બીજા શાને દેવરે,
સ્વાંમી માં સઉ દેવ વસ્ય છે કરીયેં પ્રેમે સેવારે—સ્વાંમી૦

૧૮

અહો પ્યારી પુરહું ચક ચુરહું તુઝ પ્યારમાં,
રસીલા કંઠે રીઝવે સદા મને, નહીં નહીં મધુરતા તારી આ
અન્ય નારમાં—અહો૦
તુઝ ગાયન થકી મન રીઝવે અતી, નથી કદી રસીક જોઇ
મેં કોઇ ગાનારમાં—અહો૦

૧૯

રહેમ કર જરા મુજપે તું અએ રહીમ,
હુએ હરદંમ પજીફા તેરા અએ કરીમ—મદદ૦
મદદ કર મેરી અબતું પરવરદીગાર,
મએં હું રૂબરૂ શાહાકે શર્મ સાર—મદદ૦
કોઇ અબતો તદબીર જલદી બતા,
મએં આજીજ હુવાહું બસ અએ કીબરીયા—મદદ૦
જરા રહેમકો કરતું મુઝ પર જજર,
ખુદાઇકા અપને બતાદે હુનર—મદદ૦

૨૦

દેતાં લેતાં પ્રીતે ગુપ્ત વાત નીજ સધ્ય પ્રગટ કરતા,
ભોજન દેતા લેતા મીત્ર ધર્મ શુભ યોગ્યજ આચરતા;
દોશ પરસ પર ઢાંકી ગુણ રત્નોને દ્રશ્ય માંન કરતા,
હીતનો માર્ગ હેતે દરસાવીને પ્રેમે રૂદય ભરતા૦

૨૧

પુરશારથ ચારેનું સ્થુળ શરીર આસાધન કહેવાએ,
તુચ્છ ગણીને તેને મીત્ર દુઃખમાં તે અરપાણ થાએ;
નથી દેહ તે સમ્યે વીશેષ કીમતની તેનાં મનને;
મીત્ર દુઃખમાં અરપણ કરતાં અટકાવે નહીં તે તનને

૨૨

ભમરી ધુંઝારી આવી પુકારી ફુલની સવારી આવેછે,
રાજની પ્યારી પુર ભભકારી હાડાની નારી આવેછે;
કરો ફુલવાડીની તૈયારી રાંણી અમારી આવેછે,
રમ ઝમ છમ છમ ખરેખર ચન્દર દીસે બહુ સુંન્દર.

રહે નીત અંમર એ સદા અમ પર પગ ધરે થર થર
હરે મન અંતર હીરાની જડીતર હીંડોળા ખાટ ઉપરે.
આવીને આસન કરે વધે એનું જીગતર એ જગ અંદર—ભમરી

૨૩

સ્વાંમીનો વીયોગ સતીને છે અતીશે દુઃખકાર,
બહુ પીડાએ વીયોગેથી પીડા અપરમ પાર—સ્વાંમી૦
જાશે સ્વાંમી વીદેશ કાલે ઉઠે મને અંગાર,
થાશે વીયોગ છમાસ સુધીનો સુખ નહીંરે તલભાર—સ્વાંમી૦
હવે સઉ ભોજન પાનાદીકની સાંમગ્રી તૈયાર,
જેમ વીયોગે તું કરતીતી ત્યમ કરજે નીરધાર—સ્વાંમી૦

૨૪

બાઇ ઘટે નહીં વીચાર આવો પરાધીન ભરથાર,
બળ બહુછે તે રાજાઓનું તેથી થયાં લાચાર—બાઇ૦
છે તુઝ સ્વાંમી સુરવીર બહાદુર પણ ત્યાંછે લાચાર,
અકબરનાં માક્રમની પાસે નમ્યા સૌ સરદાર—બાઇ૦

૨૫

સણગાર સીહાશે કરવા શાંણી દાસી સણગાર સીહાશે કરવા૦
સ્વાંમી વીયોગે સુખ ન શરીરે, પાક ગમે નહીંજમવા શાણી૦
જાશે વીદેશે સ્વામી મારો જીવ લાગયો તેથી ભમવા—શાણી૦

૨૬

દાસી તુ બાઇ જા, સર્વે આંહીંથીરે લઇજા—દાસી૦
કુમ કુમ દરપણ અંજન આસો ભારે,
થાશે હમાણાં સ્વામી વીયોગ જાશે સુખ તણો
સણગાર; રેઅરે હવે શું કરૂં તેને દેખાય
કારી ઘા—દાસી૦

૨૭

ધીરજધર ધીર સલુંણી નાર,
દીવસ રહયા મુનેજાંણ હવે તું વીદેશ જવાનાં બાર.
અરે ખર તુંછે હૈયાનો હાર,

ના નહીં રે મુઝ પ્રાણાધારનું થાન ઉદાસ લગાર—ધીરજ૦
પ્રીયા તુઝ પ્રીતી અપરંમ પાર,
પ્રેમી બાંધ્યો પ્રેમે મુઝને પણ પ્રેમી લાચાર—ધીરજ
સમજતું પરાધીનનો સાર,
ના નહીં ચાલે મુઝનેં ગયા વીણ કોપે શાહા નીરધાર—ધીરજ

૨૮

બોલ્યા શું પ્રાણધાર, એ નહીં નહી થનાર;
રીત પાળું પ્રીતથી, કહો ન કહીં લગાર—બોલ્યા૦
આંજણ અંજન કુમકુમ ચંદન કેબીનો સણગાર,
ભાલા બરછી વત માંનીનેં હું નહીં તે ધરનાર—બોલ્યા૦
ઝરમર તુલશી કાંપ દાંમણી આ નવ શેરો હાર,
જાણું સૌએ સાંપ વીછુહું છે મુઝને ડસનાર—બોલ્યા૦
સાડી ઝરીયન પાટ પટોળાં રેશમી સાલુ સાર,
અતલશ ચોળી રેશમી કમખા તમ દરશણ વીણ ભાર—બોલ્યા૦

૨૯

સમજતું સીયાંણી નાર, એ નહીં છાજે કર વીચાર;
સાર વાર સમજી સૌ, વરતજે મુઝ પ્રાંણધાર—સમજ૦
શાહા અતી વીવેકી ભારી, અદલ ન્યાએ ન અવીચારી;
તોડું નહીં વફાદારી, જો છઊં હું વફાદાર—સમજ૦

૩૦

રહું તમ દરશણ સદા મનેં, પ્રાંણ પીયારા મુઝ નેણનાં ઓતારા;
ખરે વીયોગે તમારે જાએ દીવસ અકારા—તમદરશણ૦
ચેન નહીં લેષ ઘડી યુગ સમ જાએ મુને;
સાથ સાથ સદા વશો પ્યારા મારા—તમદરશણ૦

૩૧

રહો ધીર ધરીને શાન્તીથી મુઝ પ્રાંણ, આધાર પ્રાણાધારનું;
સવારે બપોરે અવારે તમારૂં ધરીશ ધ્યાંન—ધીર૦
મન હરણ હે પ્રાંણ પ્યારી, રસીલી છબીલી ગતી ન્યારી;
શાન્તી ધરી થાઓ શાંન્ત પ્રાંણ મેળવશે ઇશ તે ભગવાન ધીર૦

૩૨

સીધાવો મારા સ્વાંમીજી મુઝ પ્રાંણના આધાર, પધારો પ્રાણ-
ધાર—સી૦
આધાર છેજ આપનો નહીંતો નીરાધાર, કરજો ન નીરાધા
ર—સી૦
પડજો વચનથી વળજો વેગે ઓ પ્યારા ભરથાર, સમજી અ
અહીંના સાર;
મળજો આવીને વેગેથી વીતે વખત જે વાર, નહીં ચેનરે
લગાર—સી૦
વીનંતી મારી નાથજી તુજ ધ્યાનમાં ઉતાર, રાખી મારા પર
પ્યારા;
વીયોગથી દીન રાત મુઝને લાગે દુઃખ અપાર, વીચારજે
સરદાર—સી૦

૩૩

શ્રી કૃષ્ણજી સુણજે વીનતી મારી, કર પતીનેં સુકન સારા;
મુઝ સતીનાં હો વ્રત ફળતા, હે પીતા ગ્રહીનાં—શ્રી કૃષ્ણજી
સરસવતી ગંગા જમુને માતા, જગનનાથજી મારા;
તમેજ છો મુઝ માતા પીતાહી, રક્ષા કરનારા—શ્રી કૃષ્ણ૦
ભદ્રીનાથ દ્વારીકા નાથ, મુઝ સુભ ઇચ્છનારા;
તમેજ રાખો લજ્જા મારી, હે જગદંબા માતા—શ્રી કૃષ્ણ૦

૩૪

તેરા કરરો ફર શાહા દાયમ હો કાયમ,
હુકુમત તેરી હરૂત કીશવર પર કાયમ—તેરા૦
તેરે જાહો હશમતકો હોવે તરકી,
તેરા તખ્ત દાયમ રહે તાજ કાયમ—તેરા૦
નહીં હરૂત અક લીમમેં તેરા સાની,
હમેશાં રહે અદલો ઇનસાફ કાયમ—તેરા૦
અદુ તેરા હોવે સદા ખ્વારો પામાલ,
રહે તુઝપે ફરહત સદા શાહા કાયમ— તેરા૦

૩૫

ક્ષત્રી કલંક કહો નીજ શરીરે કેમ લેશો,
આવું અસુધ્ય વાક્ય ક્ષત્રી કહો કેમ શોહેસે—
કરણ અરજુન ભીમ શેન કૃષ્ણ વેન,
અતી બહાદુર આંમ વચન કહો કેમ લેશો—ક્ષત્રી૦
હું રજપુત મારે ઘેર સુદ સતી ખરી,
મુજ પત્ની સુકુમાર વળી બાળે વેશો—ક્ષત્રી૦
કરેજો કોડ કોઇ હોડ કરૂં તેસાથે,
જાડાનું કુળ આંમ દુશાણુ સીર કેમ લેશો—ક્ષત્રી૦

૩૬

સતીને દુઃખ વીયોગ પતી, સતીની નતી વીણ સુન્ય ગતી
—સતી૦
સુખી સંયોગે દુઃખી વીયોગે, પતી વીણ મુઢ મતી—સતી૦
નાનહીં સતીને વીયોગે જીરાવો એ વીશવાધી પતી—સતી૦

૩૭

માંગ્યું તમે શું આ કુઇબા, આવવસ્તુ નજીવી;
કાંછે તેપર ચાહ—માંગ્યું૦
પુન્જન નીઆ કટારી, છે બહુમુને પ્યારી: કરૂંન ન્યારી, માંગો
કંઇક વીચાર;
નહીં તમથી એ ભારી, છે પુન્જન સારૂઆ—માગ્યુ૦

૩૮

સખી અજબ શાંન હએ રબકી, શાનપે વાકે કરો નજરીયાં;
અકલ હએરત હરદંમ સબકી—સખી૦
કાહેકો જાવે ઊસકો બીસરીયાં, જાત હએ વાહેદ બેશાકરબકી-
—સખી૦

૩૯

નહીં દરકાર આ દેહની જીવુંતો શું મરૂંતો શું,
હું છું મરનાર ખુશીથી જીવુંતો શું મરૂંતો શું—નહી૦
અરેરે ઔરતો નાં પ્યારને ધીકાર છે ધીકાર
ખરો માંન્યો તેથી ફીટકાર જીવુંતો શું મરૂંતોશું—નહીં૦

૪૦

આંહીં ઓળખું નહીં કોઇને ક્યાંથી દઊં જામીન,
પ્રાંણ દેવા માટે હું કોને કરૂં જામીન—આંહીં
સોગંદ ખાઊં ઇષ્ટનાં વળી શરતો હજાર,
પણ આવા વીકટ કાળમાં ક્યાંથી દઊં જામીન—આંહીં૦

૪૧

અરે પ્રભુ આશું દીધું દુઃખ તેં મુઝને.
ભરી સભા માએ ખોટો કીધો મુઝને—અરે પ્રભુ૦
દુઃખરે દુઃખરે.
ખોયું ખોયું ખરૂં ખરૂં મારૂં સુખરે—અરે પ્રભુ૦
જાંણ્યું સતી નારી ખરી મારીછે પ્રીયા,
હાએ હાએ હાએ તેણે છોડીછે ક્રીયા;
અરેરે બળેરે તનરે હેત્રીયા;
દઊં એની દુષ્ટ નીચ નારી સજા તુઝને—અરે પ્રભુ૦

૪૨

અજબછે વાત આસરવે થયું આશું થયું આશું,
રહ્યો છું હું અતી ભરમે થયું આશું થયું આશું—અજબ૦
અરે મુઝ મીત્ર પર આફત વીતાડી શું તમે ભગવત
થયો આકહેર અરે અનહદ થયું આશું થયું આશું
અજબ૦
સોનરોણી સતી ખરી નાર સુજ્યું શું તને આવાર
નહી સમજાણો તેનો સાર થયું આશું થયું આશું

૪૩

મીત્ર મારા વાહા પ્યારા દુઃખ મટાવા પ્રાંણ દેવા,
જામીન થઇને મુક્ત્ત કરાવ્યા—મીત્ર૦
દીલમાંછે આશા ફરીને મળીએ.
નીત નીત ભજીયે ઇસ્ટ દેવા—જામીન૦
નારીયે ના મારી વ્રત તોડીને.
ભરી સભામાં ખેઇછે લજા—જામીન૦ !

૪૪

દાસી આજે કરતુ સૌ સુભ સાજ જન્મ તીથીછે સ્વાંમીની
આજ—દાસી૦
લાવો સૌ સામગ્રીના સાજ, પુજું ગવરી હું તે કાજ—દાસી૦
મળશે જટ આવી મુને મહારાજ, વધું શું કહું લાગેછે
લાજ—દાસી૦

૪૫

જય ઉધ્યા શકતી શીવ જય ઉધ્યા શકતી,
શરણ મુને નીજરાખો પાંમું હું મુકતી—જય૦
સુખી રહો સ્વાંમી સદાએ માંગું તુઝ પાસે,
એ સુખી મુને સુખ થાએ આપો ઉલ્લાસે—જય૦

૪૬

જાર જાર તું મહા જાર હેનીરલજ નફ્ટ ધીકાર,
દુષ્ટ તુંને જા ફીટકાર હાએતેં કીધો મુઝને ખુવાર;
પાપી રંડા નાર કીધો તેં વ્યભીચાર,
આતલવાર કરશે પાર નીશ્ચે તુંએ ધાર—જાર૦

૪૭

હાડાજી સું કરો કેર આ, નીરદોષ છે આ નાર ખરીરે—હાડા૦
રેકયાંથી આવ્યા, કોણે કોપાવ્યા; શુંવહેમ લાવ્યા,
રહેમ કરો મહારાજ—હાડાજી૦

૪૮

નીરલજ થા દુર દુષ્ટ લંપજ નફ્ટ નીરલજ—નીરલજ૦
ક્ષત્રીની પુત્રી થઇ શું કીધું આકામ,
સોઢાના કુળનું તે બુડાવ્યું નામ;
ધીકછે ધીકછે વ્યભી ચારણી. ખરીતું ચાંડાલી નારી.
કલંક રૂપ અરે દુરાચારી.
ફીટછે તુનેં નીચ નારી હે લંપટ નીરલજ—નીરલજ

૪૯

હાડા મહારાજ નહીં કોપ કરો તમેં મહેરબાંન મહેરબાંન.
મહેરબાંન મહેરબાંન રાએ રાએ રાએ રાએ—હાડા૦

ધર્મ ધુરંધર સુરનર અમપર છોતમ છતર રહો તમ અમર
કલંકછે રવીપર ખરી સુદ ચંન્દર સતીયોનાં સરપર ખરીછેએ.
છતર સીયળ વૃતછે રાખ્યું એણે કદીન ખોટું ભાખ્યું એણે.
નથી કહીં સ્વાદીષ્ટ ચાખ્યું એણે સતીપણુંછે દાખ્યું એણે.
રાએ રાએ રાએ રાએ—હાડા મહારાજ૦

૫૦

અરે અરે અરે કીરતાર કયાંથી આવ્યો દુઃખનો માર—
હાએ હાએ હાએ—અરે૦
ધર્મ હું મારો ચુકી નથી નથી ચુકી હું વૃતનો સાર,
પતી વૃતછે મેં જાળવ્યું સાક્ષી તુઝ કીરતાર.
થા સહાએ મનેતું ભવ જળ તારણહાર હાએ હાએ હાએ-અરે૦
શું સ્વાંમી આવી ગયાં નહીં સમજ્યાંણો કંઇ સાર,
કોપ કરી સ્વાંમી ગયા નહીં મનમાં મેહેર લગાર;
કર રક્ષણ તું હવે પૃથ્વી પાલન હાર—હાએ હાએ હાએ-અરે૦

૫૧

સહાએ થજો જગ કરતા, સંકટ વીશે સહાએ થજો જગ કરતા
—સંકર૦
હું રે પતીવૃત કદી નવ ચુકી, ધર્મ મારો સ્રષ્ટી ધરતા—સંકર
અનેક સતીનાં સત્ય તાણી રક્ષા, કીધી પ્રભુ દુઃખ હરતા-સંકટ૦
કોણ આરોપ આ અધર થી લાવ્યું, કોણે ભરમાવ્યા મુઝ ભર-
તા—સંકટ
શુધ કંચન ભકતી સ્પષ્ટ કરીછે, પ્રગટ કરો જગ કરતા-સંકટ

૫૨

હાએરે નસીબ એમાં શું લખ્યું-પતીની ગરદન કરે હી ખંડન,
મુજ મન ભંગ કીધું; છુડાવી આવું હું માધવ મતીદ તુ-હાએરે

૫૩

ભાવ્યાજી ભાવ્યાજી તમેતો, મને ભાવ્યા;
મારે મન આજ મસ ભાવ્યા, સાહેબાજી હો-ભાવ્યાજી૦
ચંચલ ચાલ તારી પ્યારી ઘણીછે.
ચીતુડા ઘંગ છબ ભાવ્યા, સાહેબાજી હો—ભાવ્યાજી૦

૫૪

રાત સૈયાં તોરે ગલે લાગકે, બડે ચેન સુખસોઈરે—રાત૦
યા સપનેમેં મોરી અખીયાં મલ મલ,
આંસુઅનસે મુખ ધોઈરે રાત૦

૫૫

મીત્ર માટે તમો પ્રાંણ નાથ મરવાનેં તૈયારછો,
ધન્ય ધન્ય એ સુકૃત્તકાંમ ધન્ય ધન્ય એ વીચારજો.
ધન્ય સફળ તમારો પ્રયાશ બચે મીત્ર પ્રાંણજો,
મનેછે અતી હર્ષ એવાત નીશ્ચે સ્વાંમી જાંણજો—
પણ જુરૂં વીયોગે હું આપ છાજે નહીં આપનેં,
માટે મરવા મુને દીયો નાથ જાંણી પરી તાપનેં.
હું આધાર વીનાં નીરાધાર ફરૂં શું એકલી,
લાગે સુનો સૌ સંસાર મરી જઈશ ટળ વળી.

૫૬

શોક છોડી અનેં મારા પ્રાંણ સીધાવો કૃપા કરી,
આંમ જોઈ તમારો શોક છાતી જાએ ચર ચરી.
માંની મારૂં કહ્યું પ્રીયા પ્યારી આસાથે સીધાવનેં,
લેજે નોકરની સંભાલ સાંચવજે બાળનેં.
મારી વતી વીજેસીંહને કેજે ડાહયો થઈ ચાલજે,
વધે જે થકી કુળનીં લાજ એવી રીતો પાળજે.
મીત્ર આવી સાંભળશેજો વાત કરશે ઘાત આપનીં,
તેને ધીરજ વેજે મારા પ્રાંણ ગરજ સારે બાપનીં.

૫૭

ખરે તેં ભાઈ સાચવ્યો તુઝ પ્યાર, મુઝ માટે મરવા થયો તુ
તૈયાર—ખરે૦
અવધ પુરી થઈ હું આવ્યો અહીં, ઘેર હવે તું સીધાર—ખરે૦
મરવું તારૂં શુંભન મારૂં કલંક રહે તું વીચાર—ખરે

૫૮

મારૂં સોસે શરીર સુકાએરે જગત્ત પતી તમેં સહાએ કરો—મારૂં
આજ સભામાં વેશ્યા થઈનેં, હાડ તણીં રાંણીં જાએરે—જગત્ત૦
આપ મતી એહજ ઈશતું મુઝનેં, મુઝ પતી વ્રત ન ચુકાએરે—
જગત૦
કલંક આવ્યુંછે મુઝસર ઉપર, મન મારૂં તેથી મુઝાએરે—જગત૦

લાગયો કલંક રૂપી ઘાવછે મુઝનેં તુઝવીણ કોણ રૂજાવેરે—જગત૦
ઇચ્છા પુરાણ થાએજો મારી, મુઝનાંમ જગમાં ગવાએરે—જગત૦
ભરી સભામાં લજજા મારી રહેશે જો તુંથી રખાએરે—જગત૦

૫૯

રાખે તારી શરમ પ્રભુ નીત રાખે તારી શરમ—પ્રભુ૦
સાર સત્વર બ્રહ્મ તારો કુટે કાંતું કરંમ,
કરશે જટ પટ સાર તારી ભુલે કાંતુ ભરમેં—પ્રભુ૦

૬૦

કરો મોરે પીતંમ કો ખબરવા—કોઇ જાએ મોરે,
સભામે સૈયાંસે હોવે મીલનવા—કરે જશનવા—કહો૦
તબ મએં નાચું ગાઊં એસી હે મનવા,
સભા તાક મોહે ધંગ હોઇલવા—કહો૦
નાચે ગાએ ઔર રાખે નેક નજરવા,
સદા પાએ વોહી રંગ દેહીલવા—કહો૦

૬૧

મારી વાંણી સાંભળી નેં થશો ઘણી અચરત, ચમકેછે ગુણથી
મન મનથી તન ધનથી સાચા ગલનથી થાએ નહીં હરકત—મારી.
રાખીયેં જો એક ટેકથી પેતી વૃત, સોન રાંણી જેમ થાએ
અમ હરકત;
નીત નીત હર ક્ષણ હરી હર સમરત, દુઃખ થાએ નહીં ખંર
ખત—મારી૦

અકબરશા આપનું છે પરમાર્થે નાંમ,
દ્રવ્ય સારૂં મારૂં ગાવાનું કાંમ;
છે મુઝ આશ આપ સરદારથી,
જે માંગુ તે પામું હું સરકારથી—મારી૦

૬૨

કોઇનેં સર પર વગર વીચારે રે ખોટું નવ દીજે આળ—ખોટું૦
સુરજ છાયો બાદલેરે બે ઘડી છુપ જાએ
બાદલ છાયા બીખરી જાતાં જાહેર જગમાં જણાએ—ખોટું૦
કંચન શુધ્ધછે શોભીતું તેનેં બાદલું કહેશો કોય?
તાપ તેને દઇ કરે કસોટી હેમ પ્રગટ તવ હોય—ખોટું૦
નર નારી નાં જોડલાં તેનાં દીલની દોરી એક,
વહેમ વીચારી લાવશો તેમાં તુરત તજો નહીંરે—ખોટું૦

વીચારી નર વાવરો તમે મુગલની તલવાર,
સાચ ખોટ જાંણ્યા વીનાં તે ગુપ્ત મારશે માર—ખોટું૦

૬૩

લાવો સાહેબ મજુરી આપો મને પ્રાંણથી પ્યારીને કેમ વીસારી;
ઓ મક્કારા ચુપ—મજુરી૦
સુતા આવી સેજમાં કાંવીસારો આપ.આપ વીયોગે જુરતાં ઉ-
ઠે અંગે તાપ.
અએ ફાહેશાતું કીસ લીયે તુફાન કરતીહએ, નાહક તુ શાહાકે
રૂબરૂ બદનાંમ કરતી હએ;
કંઈક વીચારો કંઈક વીચારો—ઓ મક્કારા ચુપ—મજુરી૦
મેહેનત લીધી માસની, આપ્યા દીન અઢાર, આપો બાકી
દાંમજે રહ્યું દીવશનું બાર.
મએ તુઝકો જાંનતા નહીં ઇલ્જાંમ કરતી હએ, શાયદ તું
ભુલકર મુજેબદનાંમ કરતી હએ;
કંઈક વીચારો કંઈક વીચારો—ઓ મક્કારા ચુપ મજુરી૦
વાત ખરી જો આપની લ્યો સોગન ત્રણવાર,
શાહા હુજુરે કરો તમે એ વાતે એકરાર;
એકરાર કરતા હું વો કસમ ખાકે કહેતાહું,
મા ઔર બહેન જબાંસે મએં હરબાર કહેતાહું;
કંઈક વીચારો કંઈક વીચારો—ઓ મક્કારા ચુપ—મજુરી૦

૬૪

મારા કર્મની કાંણી રે દયા આંણી સુણો હેશાહા પીતા,
હું નહી નાએકાંણીછું હાડાની રાંણી રેદયા આંણી સુણો હે-
શાહા પીતા—મારા૦
નીશાની જે મળી આપને હે પીતા સરદાર, હું માલેક છું
એહંની કપટ થયું નીરધાર;
હું દુઃખમાં ગવાંણી દુખમાં દબાંણી રેદયા આણી—સુણો—મારા૦
સ્વાંમીછે એહ માહરો, છે મુઝ પ્રાંણા ધાર, હું દાસીછું એ-
હની એ મારો ભરથાર;
એનાં પ્રેમની લાંણી ચાહે આ પ્રાંણી રે દયાઆંણી—સુણો—મારા

૬૫

મુજ ઉપર ગુજરી પીતાં બાદશાહાંજાંણી, હું હવે ગુણીકા
નથી હાડાનીછું રાંણી;

મને ક્ષમા કરો દીલસેરા ક્ષત્રીની રીતી, હું નહી દેખાડું મુખ
સતીની રીતી.

૬૬

અપરાધ ક્ષમા કર મારો પ્રીયા.
થયો અપરાધી હું તારો—અપરાધ૦
થાએ અતી પરીતાપ મુનેજે,
દીધા તને ફીટકારો;
તુઝ નીમીતે હુંજ ફસ્યોતો,
પામ્યો તુંથી છુટકારો—અપરાધ૦

૬૭

શું બોલો મારા મારા છો મારા તમે પ્યારા.
શું બોલો મારા મારા છો આંખુંના તારા,
પ્રાણ પતી મારા સદાછો પીયારા—શું બો૦
ચંદ્રમાં દાગ કારા, સુરેછે અગ્નીવારા.
ચંદ્ર સુરજથી પ્યારા—પ્રાણ પતી મારા.
સદાછો પીયારા—શુંબોલો૦
રહ્યુંછે સત્યતે રાખ્યોછે શ્રી જગદીશ્વર.
કરેજો ક્રોડ કોઇ કપટતા શું થાએ તેથી.
સત્યના બેલીતો સદાએ રામછે.
અસત્ય ભાખ્યું કપટીનું કામછે-મારા—શુ બોલો૦

૬૮

સતીનો રાખ્યોછે સત્ય ઇશ ખરે ઇશ ખરે ઇશ ખરે રે
નેકી જાવેદાંની તક રાજકરે રાજકરે રાજકરે
સત્ય સદાએ સાથ ચલાહએ.
નીસદીન થાએ સુખ દુરહો ઉસસે દુઃખ.
કુર સદાએ ખાક મીલાહએ.
સત્ય ના બેલીછે ઇશખરે.
ધંગ સભા સઉ છે આવાર, હએ પરી ઇન્દરી સુંદરી છે ખરી
દાસી તારીહું તું પ્રાણાધાર,છો. ખરી જો હરી-ઇશખરે૦

સમાપ્ત.